Received on : 04-06-2026
Registered on : 04-06-2026
Decided on : 15-06-2026
Duration : Y M D
- - 12

## જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,
## મુ. જુનાગઢ

**ફોજદારી પરચુ.અરજી નં.૪૫૮/૨૦૨૬.**

આંક–

**અરજદાર.** કેતનભાઈ મનુભાઈ કંઝારીયા,
ઉ.વ.આ.૨૫,ધંધો–મજુરી,
રહે. ધર્મ સોસાયટી, વાવડી રોડ,
મોરબી.
હાલ : જીલ્લા જેલ, જૂનાગઢ.

**–:: વિરૂધ્ધ ::–**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :–** એન.ડી.પી.એસ.એકટની કલમ ૮(સી), ૨૧(બી), તથા ૨૯ મુજબ.

**સંદર્ભ :–** જુનાગઢ બી.ડી.પો.સ્ટે. ગુના રજી. નં. ૧૧૨૦૩૦૨૪૨૬૦૨૨૯/૨૦૨૬

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી જે.આર.જોષી
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ. પી.પી.શ્રી ડી.સી.ઠાકર

---

**-: હ રા વ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જુનાગઢ બી.ડી.પો.સ્ટે. ગુના રજી. નં.૧૧૨૦૩૦૨૪૨૬૦૨૨૯/૨૦૨૬, એન.ડી.પી.એસ.એકટની કલમ ૮(સી), ૨૧ (બી), તથા ૨૯ મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રી ડી.સી.ઠાકરનાઓ હાજર થયેલ છે અને આંક-૦૬ થી તપાસ કરનાર અમલદાર શ્રી એસ.કે.મહેતા, પોલીસ સબ ઈન્સ્પેકટર, બી.ડીવી. પોલીસ સ્ટેશન જુનાગઢનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી જે.આર.જોષીનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, આ કામેના અરજદાર સામે જુનાગઢ બી.ડી.પો.સ્ટે. ગુના રજી.નં.૧૧ ૨૦૩૦૨૪૨૬૦૨૨૯/૨૦૨૬, એન.ડી.પી.એસ.એકટની કલમ ૮(સી), ૨૧(બી), તથા ૨૯ મુજબના ગુનાની ફરીયાદ આપવામાં આવેલ છે. હાલના કામના અગાઉ પકડાયેલ આરોપી નં.૧ એસાન ઉર્ફે લપ બાબુભાઈ મડમએ ચાર્જશીટ પહેલા ફો.પ.અ.નં.૨૭૭/૨૦૨૬ થી જામીન અરજી કરેલ જે નામંજુર કરવામાં આવેલ હતી જે નામંજુર કરવાનું કારણ તપાસ ચાલુ હોવાનું જણાવવામાં આવેલ હતું. હાલના કામના અરજદાર/આરોપીએ અગાઉ કોઈ જામીન અરજી કરેલ નથી. હાલના કામના ગુનાની તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને જેના એન.ડી.પી.એસ.કેસ નં.૧૯/૨૦૨૬ રહેલ છે. હાલના કામની એફ.આઈ.આર.ધ્યાને લેતા હાલના કામના અરજદાર/આરોપીએ અગાઉ પકડાયેલ આરોપીને એન.ડી.પી.એસ.મુદદામાલ

આપેલ હોય તેવું જણાવેલ નથી. વધુમાં ચાર્જશીટ ધ્યાને લેતા પણ હાલના કામના અરજદાર/આરોપીએ કોના પાસેથી મુદદામાલ લાવેલ તેવું જણાવેલ નથી. આમ, અન્ય કોઈ વ્યકિતને બચાવવા માટે હાલના કામના અરજદાર/આરોપીનું નામ ફલીત થાય છે. વધુમાં આ કામે કોઈ વાહન માલીકીનું નિવેદન લીધેલ નથી. હાલના કામના અરજદારે અગાઉ પકડાયેલ આરોપીને જોયેલ નથી. હાલના કામના અરજદાર/આરોપી મોરબીના રહેવાસી છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપી પાસે કોઈ એન.ડી.પી.એસ.ને લગતો મુદદમાલ મળી આવેલ નથી. આ કામે ગુનાની તપાસ પુર્ણ થતા હાલના કામના અરજદાર/આરોપીની કોઈ જરૂરીયાત રહેતી નથી. હાલના કામના અરજદાર/આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ પુરાવો નથી. આ કામે અરજદાર/આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. વધુમાં અગાઉ પકડાયેલ આરોપીએ એસાનનાઓએ હાલના અરજદાર/આરોપીનું નામ જણાવેલ છે અને અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં ન આવે તો તેનો પરીવારને ભુખમરાનો સામનો કરવો પડે તેમ છે. જેથી યોગ્ય શરતોને આધીન જામીન મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે ફરીયાદપક્ષે વિ.પી.પી. શ્રી ડી.સી.ઠાકરનાઓએ જામીન અરજી સામે વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, આ કામે અગાઉ પકડાયેલ આરોપી પાસેથી નશાયુકત સીરપની બોટલો નંગ-૫૩ મળેલ છે. જે અગાઉ પકડાયેલ આરોપીને હાલના કામના અરજદાર/આરોપીનાઓએ મુદદામાલ આપેલ હોવાનું તપાસ દરમ્યાન ખુલવા પામેલ છે. વધુમાં અગાઉ જેની પાસેથી મુદાદમાલ મળી આવેલ હતો તેની જામીન અરજી ફો.પ.અ.નં.૨૭૭/૨૦૨૬ થી નામંજુર કરવામાં આવેલ છે. હાલના કામના અરજદાર/આરોપી ગુનામાં મુખ્ય આરોપી છે. આ કામના ગુનાની તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને તેના એન.ડી.પી.એસ.કેસ

નં.૧૯/૨૦૨૬ રહેલ છે. હાલના કામના ગુનાની ગંભીરતા તથા પકડવામાં આવેલ જથ્થો ધ્યાને લઈ જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, તપાસ કરનાર અધિકારી શ્રી એસ.કે.મહેતા, પોલીસ સબ ઈન્સ્પેકટર, બી.ડીવી. પોલીસ સ્ટેશન જુનાગઢનાઓનું આંક–૦૬ નું સોગંદનામું ધ્યાને લીધુ તથા રેકર્ડ ધ્યાને લીધું. ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, આ કામના આરોપી એસાન ઉર્ફે લપ બાબુભાઈ મડમનાઓએ હાલના કામના અરજદાર/આરોપી પાસેથી ગેરકાયદેસર રીતે ડોકટરના પ્રિસ્ક્રીપ્શન બીલ કે આધાર પુરાવા વગર નશાકારક કેફી દ્રવ્યનો જથ્થો મેળવી આરોપી એસાનની પોતાની કબજાની હોન્ડા એકટીવા રજી.નં .જીજે.૧૧.સી.એ.૦૪૫૩ વાળી લઈ વેચાણ કરવા અર્થે નીકળતા રેઈડ દરમ્યાન આરોપી એસાન રેકસક્રોન.ટી.કોડીન ફોસ્ફેટ અને ટ્રીપોલીડાઈન હાઈડ્રોકલોરાઈડ ઉધરસ લિન્કટસની શીલબંધ બોટલ નંગ–૫૩ જથ્થા સાથે મળી આવી જે દરેક બોટલના લેબલમાં દરેક ૫ મીલીમાં સામેલ છે. કોડીન ફોસ્ફેટ આઈપી ૧૦ મીલી ગ્ર ામ હોય ૧૦૦ મીલી(એક બોટલ) ૨૦૦ મીલીગ્રામ કોડીન ફોસ્ફેટ લેખે બોટલ નં ગ–૫૩, ૨૦૦ મીલીગ્રામ ૧૦.૬૦૦ મીલીગ્રામ જે કોડીન ફોસ્ફેટનો કુલ જથ્થો ૧ ૦.૬ ગ્રામ જથ્થો મળી આવેલ જે એક બોટલની કિં.રૂા.૧૫૪.૪૦ લેખે કુલ ૫૩ બોટલની કિં.રૂા.૮૧૮૩.૨ તથા મોબાઈલ તથા હોન્ડાના મુદદામાલ સાથે આરોપી એસાન ઉર્ફે લપ બાબુભાઈ મડમ પકડાઈ ગયેલ અને હાલના અરજદાર/આરોપી કેતન મળી નહી આવી ગુનામાં એકબીજાની મદદગારી કરી ગુનો કરેલાનો આક્ષેપ રહેલો છે.

(૬) હાલના કામનું રેકર્ડ ધ્યાને લેતા હાલના કામના ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે અને જેના એન.ડી.પી.એસ.કેસ નં.૧૯/૨૦૨૬ રહેલ છે. વધુમાં આ કામના અરજદાર/આરોપી તા.૨૧/૦૫/૨૦૨૬ થી જયુડી.કસ્ટડીમાં

રહેલ હોવાની હકીકત ફલીત થાય છે. વધુમાં જામીન અરજીનો નિર્ણય કરતી વખતે આરોપીને પ્રિ–ટ્રાયલ–કન્વીકશન ન થાય તે હકીકત ધ્યાને લેવાની રહે છે. વધુમાં આ કામની ફરીયાદ ધ્યાને લેતા માદક પદાર્થ કોડીન ફોસ્ફેટનો જથ્થો ધ્યાને લેતા તે ઈન્ટર મીડીયટ કવોન્ટીટીનો રહેલ છે. વધુમાં હાલના કામે ગુનાની તપાસ પુર્ણ થઈ ગયેલ હોય અરજદાર/આરોપીની તપાસના કામે વધુ જરૂરીયાત જણાતી નથી. વધુમાં હાલના કામના અરજદાર/આરોપી મોરબીના સ્થાનીક રહેવાસી છે. જેથી કોઈ જગ્યાએ નાસી કે ભાગી જાય તેવી શકયતા ઓછી રહેલ છે. વધુમાં હાલના કામના ગુનાની તપાસ પુર્ણ થઈ ગયેલ હોય જેથી ફરીયાદપક્ષના પુરાવા સાથે છેડછાડ થવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થઈ શકે નહી તેવી બચાવપક્ષની રજુઆતમાં વજુદ જણાય છે. તેમજ આ કામના ગુનાની ટ્રાયલ ચાલતા સમય જાય તે હકીકત નકારી શકાય તેમ નથી. વધુમાં ફરીયાદપક્ષે આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરી વખત આવા પ્રકારનો ગુનો કરશે તેવી દહેશત દર્શાવેલ છે.  જે બાબતે યોગ્ય કડક શરત કરી શકાય તેમ છે. વધુમાં ના.સુપ્રિમ કાર્ટના sanjay Chandra v. Central Bureau of Investigation (2012) 1 SCC 40 TYF Satender Kumar Antil v. CBI (2022 SCC OnLine SC 825) ના ચુકાદાના માર્ગદર્શક નિર્દેશન ધ્યાને લીધા. જેથી ઉપરોકત ચર્ચા મુજબ હાલના કામેના અરજદાર/આરોપીની યોગ્ય રકમના જામીન અને કડક શરતોએ જામીન અરજી મંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:હુકમ:–</u>**

– હાલના અરજદાર/આરોપી કેતનભાઈ મનુભાઈ કંઝારીયા, રહે. ધર્મ સોસાયટી, વાવડી રોડ, મોરબીવાળાની જુનાગઢ બી.ડી.પો.સ્ટે. ગુના રજી.નં.૧૧ ૨૦૩૦૨૪૨૬૦૨૨૯/૨૦૨૬, એન.ડી.પી.એસ.એકટની કલમ ૮(સી), ૨૧(બી), તથા ૨૯ મુજબના ગુનાના કામની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી આથી 'મંજુર' કરવામાં આવે છે.

– અરજદાર/આરોપીને જુનાગઢ બી.ડી.પો.સ્ટે. ગુના રજી.નં.૧૧ ૨૦૩૦૨૪૨૬૦૨૨૯/૨૦૨૬, એન.ડી.પી.એસ.એકટની કલમ ૮(સી), ૨૧(બી), તથા ૨૯ મુજબના ગુનાના કામે રૂા. ૨૫,૦૦૦/– ના જામીન તથા જાત મુચરકો અત્રેની કોર્ટમાં રજુ કર્યેથી નીચેની શરતોને આધિન તેઓને જામીન મુકત કરવાનો આદેશ કરવામાં આવે છે.

**શરતો :**

૧. અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના સાક્ષીઓને ધાક ધમકી, લોભ–લાલચ કે દબાણ આપવા નહી કે કોઈપણ રીતે સંપર્ક કરવો નહી.

૨. અરજદાર/આરોપીએ પોતાના રહેઠાણનુ હાલનુ અને કાયમી સરનામુ અત્રેની અદાલત સમક્ષ દસ્તાવેજી પુરાવા સાથે જાહેર કરવુ અને સરનામુ બદલાય તો તે અંગેની અત્રેની અદાલતને જાણ કરવી. અરજદાર/આરોપીએ પોતાના મોબાઈલ નંબર તથા આધાર નંબર જાહેર કરવા.

૩. અરજદાર/આરોપીએ ભવિષ્યમાં કોઈ ગુનાહીત પ્રવૃતિમાં સંડોવણી થાય તેવુ કોઈ કૃત્ય કરવુ નહી.

૪. અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો નીચેની અદાલતમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે સંબંધેનુ સોગંદનામુ કરવુ.

૫. અરજદાર /આરોપીએ અત્રેની અદાલતની પૂર્વ પરવાગી સિવાય ગુજરાત રાજ્યની હદ છોડવી નહી.

**૬.** **અરજદાર /આરોપીએ હુકમની તારીખથી છ માસ સુધી દર મહીનાની તા.૧ થી ૦૫ દરમ્યાન એક વખત અને તા.૧૬ થી ૩૦ દરમ્યાન એક વખત એમ મહિનામાં કુલ બે વાર સંબંધિત પોલિસ સ્ટેશનમાં સવારે કલાક ૧૦.૦૦ થી ૧ .૦૦ દરમ્યાન હાજરી પુરાવવી**.

– ઉપરોક્ત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી આપવામાં આવેલ જામીન આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

– અરજદાર/આરોપીએ તેના જામીન અત્રેની અદાલતને સંતોષ થાય તે રીતે આપવાના રહેશે.

– આ હુકમની જાણ સબંધીત પોલિસ સ્ટેશનને કરવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૫/૦૬/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)